**ગ્રાન્ટ વિના**

નવી ઉચ્ચ. માધ્ય. શાળાનો નોંધણી પત્ર

૩૩૬/૯૯

ક્રમાંકઃમઉમશબ/હ/ટે.૨/જુ.૦૭/
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર–૧૦/બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા. ૯ – ૬ – ૨૦૦૮

આ.ન. ૮૭ તા. ૧૪/૬/૦૮
શે. મ. ભ. માધ્યમિક શાળા
પેથાપુર તા.જિ. ગાંધીનગર

**વંચાણે લીધા** :

૧. શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃઉમશ/૧૨૯૫/ઈએમઆર/૬૩/ગ.૧, તા.૩૧–૧–૯૭
૨. શિક્ષણ વિભાગનો પત્રક્રમાંકઃઉમશ/૧૨૯૯/૯૩૯/ગ.૧, તા. ૨૫–૬–૯૯.
૩. અત્રેનો પત્રક્રમાંકઃ મઉમશબ/હ/નશા/જુ.૦૭/૨૨૮૯/ ૨૩૯૪, તા. ૧૯–૫–૨૦૦૭
૪. શાળાનું તા. ૧૭/૧૧/૨૦૦૭ નું એકરારનામુ, કબુલાતનામુ, ડીપોઝીટનું પ્રમાણપત્ર અને બાંહેધરીપત્ર.
૫. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, **ગાંધીનગર** નો પત્રક્રમાંકઃ ગધન/ઘ.૧/૨૦૦૭/૩૪૨૪૦ તા. ૧૭/૧૧/૨૦૦૭

**ક ચે રી આ દે શ** :

ઉકત વંચાણે લીધેલ ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગના ક્રમ. ૧ ના ઠરાવ તથા તે સંદર્ભે થયેલ વખતો–વખતના અન્ય ઠરાવોની જોગવાઈઓને આધિન **શેઠ મનસુખભાઈ ભગુભાઈ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, મુ. પેથાપુર, તા.જી.ગાંધીનગર** ને જુન. ૨૦૦૭ થી ધો. ૧૧નો પ્રથમ વર્ગ **સામાન્ય પ્રવાહ ગુજરાતી** માધ્યમ મિશ્ર પ્રકાર ના એક વર્ગની ગ્રાન્ટ વિનાની નવી ઉચ્ચતર માધ્યમિક શાળા શરૂ કરવાની મંજૂરી આપવા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની કારોબારી સમિતિએ સૂચવતા નીચે જણાવ્યા મુજબની શરતો પૂર્ણ કર્યાના આધારો જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, **ગાંધીનગર** મારફતે રજૂ કરવા શાળાને ક્રમ–૩ ના પત્રથી જણાવવામાં આવેલ.

૧. ડીપોઝીટ પેટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી સાથેના શિડયુલ બેંકમાં સંયુકત ખાતામાં રૂપિયા એક લાખ પુરા જમા કરાવ્યા અંગેનું પ્રમાણપત્ર.
૨. ક્રમ–૪ ના પત્રકો ( નકલો )
૩. ઠરાવેલ શરતો મુજબનું બાંહેધરી પત્રક.

તદઅનુસાર **શેઠ મનસુખભાઈ ભગુભાઈ મેમોરીયલ ટ્રસ્ટ, મુ.પેથાપુર, તા.જી.ગાંધીનગર** એ ઉકત ક્રમ–૧ થી ૩ ની શરતો પૂર્ણ કર્યા અંગેના સાધનિક આધારો રજૂ કરી નવી ઉચ્ચ. માધ્ય. શાળાની નોંધણી કરવા રજુઆત કરેલ છે. અને જિલ્લા શિક્ષાણાધિકારીશ્રી **ગાંધીનગર** એ પણ આ અંગેનો હકીકતલક્ષી અહેવાલ રજૂ કરી મંજૂરી આપવા અભિપ્રાય કરેલ છે. આથી **શેઠ મનસુખભાઈ ભગુભાઈ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, મુ. પેથાપુર, તા.જી.ગાંધીનગર** ને જુન.૨૦૦૭ થી ધો.–૧૧ નો પ્રથમ વર્ગ સામાન્ય પ્રવાહ **ગુજરાતી** માધ્યમ મિશ્ર પ્રકારના એક વર્ગની નવી ઉ.મા. શાળા શરૂ કરવા અંગેની ધોરણોસરની ગ્રાન્ટ વિનાની મંજૂરી નીચેની શરતો આધિન આપવામાં આવે છે.

**શ ર તો** :

૧. શાળા મંડળની લેખિત બાંહેધરીના આધારે કાયમી ધોરણે ગ્રાન્ટ નહી લેવાની શરતે આ મંજૂરી આપવામાં આવે છે. આથી શાળા ભવિષ્યમાં કયારેય ગ્રાન્ટ માટે હકકદાવો કરી શકશે નહી.
૨. વર્ગ ઘટાડા કે અન્ય કારણોસર ફાજલ થતાં સ્ટાફને કોઈપણ પ્રકારનું રક્ષણ મળવાપાત્ર થશે નહી.
૩. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની તથા અધિકૃત કરેલ કર્મચારીની મંજૂરી સિવાય વધારાનો વર્ગ કે ઉપલુ ધોરણ શરૂ કરી શકશે નહીં.
૪. સરકારશ્રીના વખતોવખતના નિયમોને આધીન પૂર્ણ લાયકાત તથા અનુભવવાળા સ્ટાફની નિમણુંક કરવાની રહેશે.
૫. શાળા ધ્વારા નીમવામાં આવેલ સ્ટાફના પગાર, પેન્શન કે અન્ય કોઈ નાણાંકીય બાબતની જવાબદારી સરકારશ્રીની રહેશે નહી.
૬. શાળાએ જરૂરી ભૌતિક તેમજ આરોગ્ય વિષયક સુવિધાઓ ઉપલબ્ધ રાખવાની રહેશે.
૭. જુદા જુદા ધોરણોમાં અપાતા પ્રવેશ જે તે વખતના સરકારના નિયમો પ્રમાણે હોવા જોઈશે. માત્ર ધર્મ, જ્ઞાતિ કે ભાષના કારણોસર વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની શાળા ના પાડી શકશે નહીં.

(૧૦) કોઈ કારણસર શાળાની માન્યતા રદ થાય તો તેવા સંજોગોમાં શાળાનું રેકર્ડ નજીકની માન્ય શાળાને તબદિલ કરવાનું રહેશે.

(૧૧) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ ૧૯૭૨ અને પ્રવર્તમાન વિનિયમોની જોગવાઈઓ શાળાને બંધનકર્તા રહેશે.

(૧૨) શાળાની નોંધણી જે સ્થળ તથા મકાનમાં કરવામાં આવેલ છે તેમાં બોર્ડની મંજુરી વગર કોઈ ફેરફાર અથવા સ્થળ ફેરફાર કરી શકાશે નહીં. આ સુચનાનો ભંગ થયેથી શાળાની નોંધણી આપોઆપ રદ થયેલ ગણાશે.

(૧૩) સંસ્થાએ /સંચાલક મંડળે ફાયર સેફ્ટી સહિતની સલામતી અંગેની તમામ વ્યવસ્થા કરવાની રહેશે.

આપની શાળાને **૨૭.૧૩૨ (G)** ઈન્ડેક્ષ નંબર ફાળવવામાં આવે છે.

હવે પછીના બોર્ડ સાથેના પત્રવ્યવહારમાં ફાળવેલ ઈન્ડેક્ષ નંબર અવશ્ય લખવાનો રહેશે.

ઉપરોક્ત તમામ શરતોનું પાલન કરાવવાની જવાબદારી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની રહેશે.

(આર.આઈ. પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

નકલ રવાના :–

૧: કમિશ્નરશ્રી, મ. ભો. યોજના અને શાળાઓની કચેરી,
૧૦ + ૨, ખાસ ઘટક, બ્લોક નં.૯, જુના સચિવાલય, ગાંધીનગર.

૨: જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, **ગાંધીનગર** તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી અર્થે.

૩: પરીક્ષા શાખાની "ક" અને "ક–૧" શાખા તરફ જરૂરી કાર્યવાહી સારુ.

૪: આચાર્યશ્રી,
**શેઠ મનસુખભાઈ ભગુભાઈ માધ્યમિક**
**અને ઉચ્ચતર માધ્યમિક શાળા,**
**મુ.પો. પેથાપુર,**
તા.જિ. ગાંધીનગર.

25/9/08

D:\H BRANCH\INDEX NO H.doc

રજીસ્ટર્ડ
ધોરણ–૧૨ મંજૂરીપત્ર
એચ.એસ.સી.પરીક્ષાનો
ઈન્ડેક્ષ નંબર

**૨૭.૧૩૨ (G)**

**ગ્રાન્ટ વિના**

૫૮૭૨/૭૩
ક્રમાંકઃમઉમશબ/હ/ક્રમિક વર્ગ/જુ.૦૮/
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર–૧૦ બી, સચિવાલય પાસે,
ગાંધીનગર, તા. ૨૩–૯–૨૦૦૮

આ.ન. ૨૯૯ તા. ૨૫/૯/૦૮
શેઠ મ. ભ. માધ્યમિક શાળા
પેથાપુર તા.જિ. ગાંધીનગર

પ્રતિ,
પ્રમુખશ્રી,
શેઠ મનસુખભાઈ ભગુભાઈ મેમોરીયલ ટ્રસ્ટ,
મુ.પો. પેથાપુર,
તા.જિ. ગાંધીનગર–૩૮૨૬૧૦.

વિષય :– જુન–૨૦૦૮થી ધોરણ–૧૨ નો નોન ગ્રાન્ટેડ પ્રથમ ક્રમિક વર્ગ મંજુરકરવા બાબત..

**શાળાનું નામઃ– શેઠ મનસુખભાઈ ભગુભાઈ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, મુ.પો.પેથાપુર, તા. જિ. ગાંધીનગર.**

**સંદર્ભ :–૧:** શિ.વિ.ના તા.૨૫–૬–૯૯ ના પત્રાંકઃઉમશ/૧૨૯૯/૯૩૯/ગ.૧.
૨: શિ.વિ.ના તા.૨૮–૪–૦૬ ના પત્રાંકઃઉમશ/૧૨૦૬/૧૩૪૧/ગ.૧. અન્વયે.
૩. શાળાની ૫–૨–૦૮ ની અરજી.
૪. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ગાંધીનગરના પત્રાંક/ગધન/ઘ–૧/૨૦૦૮/૬૯૦૦/૦૧ **સ્થળ તપાસ અહેવાલ તા.૧૦/૩/૨૦૦૮.**

ઉપરોક્ત વિષય અને સંદર્ભે જણાવવાનું કે શિક્ષણ વિભાગની તા. ૩૧/૧/૯૭ ના ઠરાવ ક્રમાંકઃ ઉમશ/૧૨૯૫/ઈ.એમ.આર./૬૩/ ગ.૧ અને તેના અનુસંધાને સરકારશ્રીએ બહાર પાડેલ વખતોવખતના ઠરાવોની જોગવાઈઓને આધીન આપની શાળામાં શૈક્ષણિક વર્ષ જુન–૨૦૦૮–૦૯ થી ધો.૧૨ **સામાન્ય** પ્રવાહ **ગુજરાતી** માધ્યમનો નોન ગ્રાન્ટેડ પ્રથમ ક્રમિક વર્ગ શરૂ કરવાની મંજૂરી નીચેની શરતોને આધિન આપવામાં આવે છે.

(૧) આ મંજુરી કાયમી ધોરણે ગ્રાન્ટ નહી લેવાની શરતે આપવામાં આવતી હોઈ, સંસ્થા ભવિષ્યમાં ગ્રાન્ટ માટે હકક દાવો કરી શકશે નહિ.

(૨) સંસ્થાએ ઉચ્ચતર માધ્યમિક વિભાગની માન્યતાની શરતોનું પાલન કરવાનું રહેશે. માન્યતાની શરતોનું પાલન થતુ નહી હોય તો સક્ષમ અધિકારી કોઈપણ સમયે આ નોન ગ્રાન્ટેડ ઉ.મા. વિભાગની માન્યતા રદ કરી શકશે.

(૩) સરકારશ્રીએ નિયત કરેલ પ્રમાણ મુજબ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાના રહેશે.

(૪) સરકારશ્રી એ નકકી કર્યા મુજબનો અભ્યાસક્રમ શાળાએ ચલાવવાનો રહેશે.

(૫) સરકારશ્રી વખતોવખત નકકી કરે તે મુજબ ફી લેવાની રહેશે.

(૬) સદર ક્રમિક વર્ગની મંજુરી અન્વયે ઉભી થયેલ શૈક્ષણિક જગ્યાઓ ઉપર નિમણુંક પામનાર કર્મચારીઓના પગાર અને પેન્શન સહિતની તમામ નાણાંકીય જવાબદારીઓ સંસ્થાની રહેશે.

(૭) સમગ્ર શાળા કે તેના વર્ગો બંધ થતાં જે કોઈ કર્મચારીને છુટા કરવાના સજોગો ઉદભવશે તો તે અંગેની જવાબદારી સંચાલક મંડળની રહેશે અને વખતોવખત અમલમાં હોય તેવી જોગવાઈઓ મુજબ વળતર ચુકવવાની જવાબદારી પણ સંચાલક મંડળની રહેશે.

(૮) આ મંજુરી મકાન બાંધકામ અંગેની તમામ મંજુરીઓ મેળવેલ હોવાની શરતે આપવામાં આવે છે. આથી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ આ અંગે ખાત્રી કરી લેવાની રહેશે.

(૯) આ પત્ર મળ્યેથી દિન–૧૦ માં કચેરીએથી સ્કુલ રજિસ્ટ્રેશનનું ફોર્મ મેળવી વિગતો ભરી પરત કરવાનું રહેશે.

૮. સરકારશ્રીએ માન્ય કરેલ અભ્યાસક્રમ મુજબનું પધ્ધતિસરનું શિક્ષણ વિદ્યાર્થીઓને પુરૂ પાડવાનું રહેશે.

૯. એક ધોરણમાંથી પછીના ધોરણમાં ચઢાવવાની પ્રક્રિયા વર્ગ બઢતીના નિયમો મુજબ કરવાની રહેશે.

૧૦. શાળાએ જરૂરી પ્રમાણપત્ર,આંકડાકીય માહિતી, રજીસ્ટરો તથા અન્ય રેકર્ડ અદ્યતન રીતે નિભાવવાના રહેશે.

૧૧. રાજય સરકાર તેમજ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના વખતોવખત નકકી કરેલ શિસ્ત વિષયક નિયમોનું કર્મચારીઓ તેમજ વિદ્યાર્થીઓએ ઉચિત રીતે પાલન કરવાનું રહેશે.

૧૨. શાળાના મકાન બાંધકામ અંગેની તમામ મંજુરીઓ મળેલ હોવાની શરતે આ મંજૂરી આપવામાં આવે છે. મકાન બાંધકામ આનુષંગિક જરૂરી મંજુરીઓ મેળવેલ નહી હોય તો નોન ગ્રાન્ટેડ નવી ઉચ્ચ. માધ્ય. શાળા શરૂ કરવા અંગેની આ મંજુરી આપોઆપ રદ થયેલ ગણાશે. અને આનુષંગિક તમામ જવાબદારીઓ શાળા મંડળની રહેશે.

૧૩. શાળાની નોંધણી જે સ્થળ તથા મકાનમાં કરવામાં આવેલ છે તેમાં બોર્ડની મંજુરી વગર કોઈ ફેરફાર અથવા સ્થળ ફેરફાર કરી શકાશે નહી. આ સુચનાનો ભંગ થયે નોંધણી આપોઆપ રદ થયેલ ગણાશે.

ઉપરોકત તમામ શરતોનું પાલન કરાવવાની જવાબદારી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની રહેશે.

<u>શરત</u> :– નિયત શૈક્ષણિક લાયકાત ધરાવતા શૈક્ષણિક સ્ટાફનુ સ્ટાફ પ્રોફાઈલ જિ.શિ.શ્રી પાસે મંજુર કરાવી જુન.૨૦૦૮ સુધીમાં અત્રે રજુ કરવાની શરતે.

સચિવ,
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

પ્રતિ,
પ્રમુખશ્રી / મંત્રીશ્રી,
**શેઠ મનસુખભાઈ ભગુભાઈ મેમોરીયલ ટ્રસ્ટ,**
**રામજી મંદિર પાસે,**
**મુ.પો. પેથાપુર,**
**તા.જી.ગાંધીનગર**

<u>નકલ સવિનય રવાના જાણ સારૂ.</u>

૧. અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૨. કમિશ્નરશ્રી, મ.ભો.યોજના અને શાળાઓની કચેરી, ગાંધીનગર.
૩. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, **ગાંધીનગર.**

<u>નકલ રવાના</u> :

૧ પરીક્ષા શાખા, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
૨. સંશોધન શાખા, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.